# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૨૨/૧૧/૨૦૨૨

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ગ્રીન અને સસ્ટેનેબલ ટેકનોલોજીને સુરતના ટેકસટાઇલ ઉદ્યોગકારો અપનાવશે તો ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રી ઘણી ઝડપથી પીકઅપ કરશે : સંયુકત ટેકસટાઇલ સચિવ પ્રાજકતા વર્મા

## સુરતમાં ગ્રીન ટેકસટાઇલ્સ અને સસ્ટેનેબલ ટેકસટાઇલ્સ ડેવલપ કરવા માટે ઇન્ડસ્ટ્રીમાં આવી રહેલી મુશ્કેલીઓને દુર કરવા માટે સંવાદ યોજાયો

### સસ્ટેનેબલ ટેકસટાઇલ્સ માટે જે ટેકનોલોજી વિકસિત થઇ છે અને પેટન્ટ કરાઇ છે તેનું પ્રદર્શન કરવા હેતુ પ્લેટફોર્મ પૂરુ પાડવા માટે 'ટેકસટાઇલ ઇનોવેશન મેળો' યોજાયો

### ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીમાં સસ્ટેનેબલ મેન્યુફેકચરીંગ પ્રેકટીસિસનો અમલ થાય છે તે માટે ચેમ્બર પ્રયત્નશીલ રહેશે : ચેમ્બર પ્રમુખ હિમાંશુ બોડાવાલા

**સુરત.** યુએન – એન્વાયરમેન્ટ પ્રોગ્રામ એન્ડ સેન્ટર ફોર એન્વાયરમેન્ટ એજ્યુકેશન દ્વારા સોમવાર, તા. ૨૧ નવેમ્બર, ૨૦૨૨ ના રોજ સવારે ૧૦:૦૦ થી સાંજે ૬:૦૦ કલાક સુધી સરસાણા સ્થિત પ્લેટીનમ હોલમાં ટેકસટાઇલ ઇનોવેશન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળાના આયોજનમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને સાઉથ ગુજરાત ટેકસટાઇલ પ્રોસેસર્સ એસોસીએશને પ્રોજેકટ પાર્ટનર્સ તરીકે સહયોગ આપ્યો હતો. જેમાં ઇન્સ્ટીટયુટ ફોર સસ્ટેનેબલ કોમ્યુનિટીઝ એન્ડ વર્લ્ડ રિસોર્સિસ ઇન્સ્ટીટયુટ ઇન્ડિયા પણ નોલેજ પાર્ટનર તરીકે જોડાયું હતું. આ મેળામાં હવાની ગુણવત્તા સુધારણા, ઉર્જા કાર્યક્ષમતા, ઘન કચરો,

વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ અને રિન્યુએબલ એનર્જી એમ પાંચ કેટેગરીમાં ૩૦ જેટલા ઈનોવેટર્સ દ્વારા પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

ટેકસટાઇલ ઇનોવેશન મેળા દરમ્યાન સુરત ટેકસટાઇલ કલસ્ટર માટે સસ્ટેનેબલ સોલ્યુશન્સ વિષે ટેકસટાઇલ ઉદ્યોગકારો અને સ્ટાર્ટ–અપ્સની સાથે સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારતના સંયુકત ટેકસટાઇલ સેક્રેટરી પ્રાજકતા વર્મા (IAS), જોઈન્ટ ટેકસટાઇલ કમિશનર વિપલ કોહલી, સુરતના મ્યુનિસિપલ કમિશનર શાલીની અગ્રવાલ (IAS), સેન્ટર ફોર એન્વાયરમેન્ટ એજ્યુકેશન (CEE)ના ડાયરેકટર કાર્તિકેય સારાભાઇ, યુનાઇટેડ નેશન્સ એન્વાયરમેન્ટ પ્રોગ્રામ (UNEP)ના આસિસ્ટન્ટ પ્રોગ્રામ મેનેજમેન્ટ ઓફિસર અર્ચના દત્તા, ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ હિમાંશુ બોડાવાલા, સાઉથ ગુજરાત ટેકસટાઇલ પ્રોસેસર્સ એસોસીએશનના પ્રમુખ જિતેન્દ્ર વખારિયા, CEEના સિનિયર પ્રોગ્રામ ડાયરેકટર તુષાર જાની, વર્લ્ડ રિસોર્સિસ ઇન્સ્ટીટયુટ ઇન્ડિયા (WRI)ના સિનિયર પ્રોગ્રામ રિસર્ચ એસોસીએટ ગૌરવ તોમર અને ઇન્સ્ટીટયુટ ફોર સસ્ટેનેબલ કોમ્યુનિટિક (ISC)ના કન્સલ્ટન્ટ ઝહીર શેખ ઉપસ્થિત રહયા હતા.

ભારતના સંયુકત ટેકસટાઇલ સચિવ પ્રાજકતા વર્માએ જણાવ્યું હતું કે, સુરત મેન મેઇડ ફાયબરનું કલસ્ટર છે. સુરતમાં ગ્રીન ટેકસટાઇલ્સ અને સસ્ટેનેબલ ટેકસટાઇલ્સ ડેવલપ કરવાની શકયતા દેખાઇ રહી છે, પરંતુ એના માટે ઇન્ડસ્ટ્રીમાં જે કઇ ચેલેન્જીસ છે તેને કઇ રીતે દૂર કરી શકાય છે ? તે માટે બ્રેઇન સ્ટોર્મિંગ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. સસ્ટેનેબિલિટી માટે કોલોબ્રેશન જરૂરી છે. સુરત કલસ્ટર માટે સિલેકટ થયું છે તેનો મને પણ આનંદ છે. ઇપીઆર ફ્રેમવર્ક ઇન્ડસ્ટ્રીમાં આવશે. કેપેસિટી બિલ્ડીગ ગેપને દુર કરવો પડશે. પ્લાસ્ટીક વેસ્ટ, ઇલેકટ્રોનિક વેસ્ટની અવેરનેસ ઇન્ડસ્ટ્રીમાં લાવવી પડશે. આઉટપુટ ઓરિએન્ટેડ સ્કીમ આવશે અને ઇન્ડસ્ટ્રીને સસ્ટેનેબલ ટેકનોલોજીને અપનાવવી પડશે.

સસ્ટેનેબલ ટેકનોલોજીમાં કામ કરી રહેલા સ્ટાર્ટ–અપ્સને તેઓની પ્રોડકટને પ્રદર્શિત કરવાની તક મેળામાં પુરી પાડવામાં આવી હતી. જેમાં બેંગ્લોર, ચેન્નાઇ, પુણે, અમદાવાદ તથા ઉત્તર ભારતથી ટેકસટાઇલ રિસર્ચ એસોસીએશન દ્વારા સસ્ટેનેબલ ટેકસટાઇલ્સ માટે જે ટેકનોલોજી વિકસિત કરી છે અને પેટન્ટ કરી છે તેનું પ્રદર્શન અહી કરવામાં આવ્યું હતું. આ ટેકનોલોજીને સુરતના ટેકસટાઇલ ઉદ્યોગકારો અપનાવશે તો ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રી ઘણી પીકઅપ કરશે.

સંયુકત ટેકસટાઇલ કમિશનર વિપલ કોહલીએ જણાવ્યું હતું કે એર, વોટર અને સોઇલમાં ઇન્ક્રીઝીંગની જરૂર છે. આથી હવે એમએમએફ પ્રોડકશન અને ફાયબર પ્રોડકશનમાં ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીએ રિન્યુએબલ એનર્જીનો ઉપયોગ કરવો જોઇએ.

સુરતના મ્યુનિસિપલ કમિશનર શાલીની અગ્રવાલે જણાવ્યું હતું કે, સસ્ટેનેબિલિટીની વાત થઇ રહી છે ત્યારે ગ્રીન એનર્જી આપણું ભવિષ્ય છે. સુરત પણ સોલાર સિટી બનવા જઇ રહયું છે. સુરતે ઇ– મોબિલિટીને અપનાવ્યું છે. સુરત શહેર વિશ્વમાં ઓપીનિયન માટે નહી પણ એકઝામ્પલ માટે છે. સુરતના ઉદ્યોગકારો પર્યાવરણના જતન માટે કોન્શીયસ થઇ રહયા છે. સુરતમાં બધી કંપનીઓ એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી ઇનિશીએટીવ લઇ રહી છે. પર્યાવરણના જતન માટે વધુમાં વધુ વૃક્ષારોપણ કરવું પડશે. સુરત મહાનગરપાલિકા પણ ૮૭ એકર જમીનને બાયો ડાયવર્સિટીમાં કન્વર્ટ કરી રહી છે. પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ ઉપર ધ્યાન આપવામાં આવી રહયું છે. ફેબ્રિક બનાવવા માટે પ્લાસ્ટીક વેસ્ટનો કેવી રીતે ઉપયોગ કરી શકાય તે અંગે પ્રયાસ કરાઇ રહયો છે.

સેન્ટર ફોર એન્વાયરમેન્ટ એજ્યુકેશન (CEE)ના ડાયરેકટર કાર્તિકેય સારાભાઇએ ભારત કેવી રીતે સસ્ટેનેબલ ટેકસટાઇલનું હબ બની શકે છે ? તે માટેનો રોડમેપ વિષે પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. જેમાં તેમણે વિવિંગ એન્ડ પ્રોસેસિંગ સ્ટ્રેટેજી, ટેકસટાઇલ વેલ્યુ ચેઇન, એર કવોલિટી, વોટર એન્ડ કેમિકલ્સ, એનર્જી એફિશિયન્સી, ટ્રાન્સપોર્ટ એન્ડ ફ્રેટ, ટેકસટાઇલ વેસ્ટ, કલીન એનર્જી, સ્કીલ ડેવલપમેન્ટની દિશામાં જે કામગીરી કરવાની છે તે અંગે માહિતી આપી હતી. એના માટે નિમાયેલી સ્ટીરીંગ કમિટી અને વર્કીંગ કમિટી દ્વારા જે કામગીરી થઇ રહી છે તેના વિષે પણ તેમણે ટેકસટાઇલ ઉદ્યોગકારો અને સ્ટાર્ટ–અપ્સને માહિતગાર કર્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ હિમાંશુ બોડાવાલાએ જણાવ્યું હતું કે, સુરતમાં વર્ષ ૧૯૫૦ માં પોલિએસ્ટર પ્લાન્ટ સ્થપાયો હતો. પર્યાવરણના જતન માટે કાર્બન એમીશનની જરૂરિયાત ઉભી થઇ છે અને એના માટે ઇન્ડસ્ટ્રીમાં નવી સસ્ટેનેબલ ટેકનોલોજીને અપનાવવી પડશે. ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રી દ્વારા વિવિધ પ્રોસેસો થકી કાર્બનનું ઉત્સર્જન ઘટાડવા માટે પ્રયાસ કરવામાં આવશે. સુરતની ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રી એની ઉત્પાદન પ્રક્રિયામાં ગ્રીન ટેકનોલોજીનો ઉપયોગ કરશે. ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રી એના ઉત્પાદનમાં ગ્રીન એનર્જીનો ઉપયોગ ઉત્તરોત્તર વધારશે તેમ જણાવ્યું હતું. ઉત્પાદન પ્રક્રિયામાં જે હીટ જનરેટ થાય છે એનો પણ રીજનરેશન પ્રોજેકટ સ્થાપી વીજળી ઉત્પન્ન કરાશે.

કોલસા તથા અન્ય ફોઝલ ફયુલનો બળતણ તરીકેનો ઉપયોગ ઘટાડવામાં આવશે. ઉત્પાદન પ્રક્રિયામાં જે કઇ વેસ્ટ જનરેટ થાય છે તેનો વ્યવસ્થિત નિકાલ કરી તેનો ફરીથી ઉપયોગ કરી શકાય તે માટે પ્રયાસ કરાશે. ઉત્પાદન પ્રક્રિયામાં જ્યાં પાણી વપરાતું હોય એવી પ્રક્રિયામાં ઝીરો લિકવીડિટી ડિસ્ચાર્જનો ઉપયોગ વધારીશું. સસ્ટેનેબલ મેન્યુફેકચરીંગ પ્રેકટીસિસનો સુરતમાં અમલ થાય છે તે માટે ચેમ્બર પ્રયત્નશીલ રહેશે.

એસજીટીપીએના પ્રમુખ જિતેન્દ્ર વખારિયાએ જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૯૯ થી સુરત મહાનગરપાલિકાએ સુરતના ઉદ્યોગોને પાણી આપ્યું છે. સુરતમાં ર૦૧ર થી સસ્ટેનેબલ મેન્યુફેકચરીંગ માટે પ્રયાસ કરવામાં આવ્યો હતો. કાર્બન એમીશન ટ્રેડીંગ સિસ્ટમની શરૂઆત પણ સુરતથી થનાર હતી, પરંતુ કેવડીયા કોલોનીથી તેની શરૂઆત કરવામાં આવી હતી.

આ સંવાદ દરમ્યાન સેન્ટર ફોર એન્વાયરમેન્ટ એજ્યુકેશન (CEE)ના ડાયરેકટર કાર્તિકેય સારાભાઇ અને એસવીએનઆઇટીના ડાયરેકટર ડો. અનુપમ શુકલ વચ્ચે એમઓયુ પણ કરવામાં આવ્યા હતા.

યુનાઇટેડ નેશન્સ એન્વાયરમેન્ટ પ્રોગ્રામ (UNEP)ના આસિસ્ટન્ટ પ્રોગ્રામ મેનેજમેન્ટ ઓફિસર અર્ચના દત્તાએ કાર્યક્રમની રૂપરેખા આપી પર્યાવરણના જતન માટે રાષ્ટ્રીય કક્ષાએ જે પ્રયાસો થઇરહયાં છે તેના વિષે માહિતી આપી હતી. CEE ના સિનિયર પ્રોગ્રામ ડાયરેકટર તુષાર જાનીએ સમગ્ર સંવાદનું સંચાલન કર્યું હતું અને અંતે સર્વેનો આભાર માની સંવાદનું સમાપન પણ કર્યું હતું. આ સંવાદમાં ચેમ્બરના ઉપ પ્રમુખ રમેશ વઘાસિયા, તત્કાલિન ભૂતપૂર્વ પ્રમુખ આશીષ ગુજરાતી, માનદ્ મંત્રી ભાવેશ ટેલર અને માનદ્ ખજાનચી ભાવેશ ગઢીયા ઉપસ્થિત રહયા હતા.